**અગ્રતા ક્રમાંક : ૦૧　　　　પ્રશ્ન ક્ર: ૧૩૯૯**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર)**

**“અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ દંડ ”**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કાળુભાઇ ડાભી (ધંધુકા)**

**પૂરક પ્રશ્ન (૧)**

અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમન માટેના કેટલા કેમેરાઓ પોલીસ તંત્રએ લગાડેલ છે ? આ કેમેરાથી ટ્રાફીક નિયમનના મુખ્ય હેતુ ઉપરાંત આ કેમેરા ગુના ડામવા માટે અને ગુના શોધવા માટે કેવી રીતે કારગર નીવડેલ છે.?

**જવાબ: માન. અદયક્ષશ્રી,**

- અમદાવાદ શહેર – **૨૨૪૮** કેમેરા લગાડેલ છે.
- અમદાવાદ ગ્રામ્ય –**૧૧૬** કેમેરા લગાડેલ છે.
- તેમજ ચાલુ વર્ષે માન.ધારાસભ્યશ્રીના વિસ્તારના સહિત આજુબાજુમાં અમદાવાદ ગ્રામ્યમાં **૨૪૫ કેમેરા** લગાડવાનું આયોજન છે.
- કાયદો અને વ્યવસ્થા પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો ટ્રાફિક નિયમન ફક્ત નહિ પરંતુ પોલીસની ત્રીજી આંખની જેમ આ કેમેરા કામ કરે છે અમે તેના કંટ્રોલ રૂમને ત્રિનેત્રમ કહીએ છીએ, જેમ શિવજીની ત્રીજી આંખથી રાક્ષસો ભયભીત રહે છે તેમ પોલીસની આ ત્રીજી આંખથી ગુનેગારો ગુનો કરતા અચકાય છે અને કાયદો-વ્યવસ્થાને નિયંત્રણ કરવામાં સીસીટીવીનો મહત્વનો રોલ છે.

1) ગત અઠવાડિયે તા.૦૬/૦૨/૨૦૨૪ના રોજ નિકોલના જ્વેલર્સ પર લૂંટના ઈરાદે બે શખ્સો ફાયરીંગ કરી નાસી છુટી ગયેલ હતા, પોલીસે સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવીને ૧૦૦ ફુટેજોનો અભ્યાસ કરીને ગણતરીની કલાકોમાં આરોપીઓની ધરપકડ કરી છે.

2) ગતવર્ષે અમદાવાદ જીલ્લાના ગુંદી ગામ પાસે કરોડો રૂપિયાની લુંટ ચલાવીને લુંટારૂઓ નાસી ગયા હતા ત્યારે ગણતરીના કલાકોમાં પોલીસે મુદ્દામાલ સહિત આરોપીની ધરપકડ કરી હતી.

3) ગત તા.૦૩/૦૯/૨૦૨૩ના રોજ સુરત શહેરમાં એક લકઝરી બસમાંથી આંગડીયાની લૂંટ ચલાવીને ઈકો ગાડીમાં લુંટારૂઓ નાસી ગયાની જાણ થતા સીસીટીવી ટેકનોલોજીના ઉપયોગથી ગણતરીના કલાકોમાં વાપી પાસેથી આરોપી પકડાયેલ હતા.

**અમદાવાદ શહેરમાં અકસ્માત, લુંટ, ચોરી, અપહરણ, ઘરફોડ, ખૂન, ખૂનની કોશિષના છેલ્લા ત્રણ વર્ષમાં ૨૬૭ ગુનાઓ ડીટેકટ કરેલ છે જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૧૦૫ ગુનાઓ ડીટેકટ કેલ છે.**